| | |
|---|---|
| દાખલ તારીખ | 23-9-22 |
| રજીસ્ટર તારીખ | 23-9-22 |
| ફેંસલ તારીખ | 03-6-26 |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | 3 8 11 |
| **Exh.** | 65 |

सत्यमेव जयते

---

**નામદાર ચોથા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**ભુજ–કચ્છ.**

---

**સેશન્સ કેસ નં.૯૮ સને ૨૦૨૨**

**<u>ફોર્મ – '' એ ''</u>**

| **નામદાર ચોથા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ભુજ–કચ્છ.** | |
|---|---|
| ચુકાદા તારીખ | **આખરી હુકમ મુજબ** |
| ફોજદારી કેસ સંખ્યા | **૯૮ સને ૨૦૨૨** |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટની કલમ–૪(૧),૪(૧)(એ),૨૧ મુજબ તથા ગુજરાત મીનરલ્સ પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ ૨૦૧૭ ના નિયમ ૩ ના ભંગ તથા રૂલ્સ ૨૨ માં જણાવ્યા મુજબ શીડયુઅલ ૩ (III) જોગવાઈ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | મુંદરા મરીન પો.સ્ટે.ફસ્ટ ૬/૨૦૧૮ |

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | મુંદરા મરીન પોલીસ સ્ટેશન |
| **ફરિયાદી** | **શ્રી સરકાર તરફે ફરિયાદી–જીતેન્દ્ર રામજી પટેલ** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.મદદનીશ સરકારી વકીલ | **શ્રી ડી.જે.ઠકકર.** |
| **આરોપીઓ** | **(૧) દિપકભાઇ મેધજીભાઇ વાધમસી,**<br>ઉ.વ.૪૧,રહે.પ્લોટ નં.૩૯૩,<br>વોર્ડ નં.૩/બી,આદીપુર,<br>તા.ગાંધીધામ–કચ્છ.<br><br>**(૨) મોહનભાઇ ધુમસીંગ ડામોર,**<br>ઉ.વ.૨૬,રહે.મુળ ગામ : અમરાપુરા,<br>તા.જાંબુઆ, જી.જાંબુઆ(મધ્યપ્રદેશ)<br>હાલે રહે.અંકિતા કન્ટ્રકશનની ઓફીસ<br>નં.૧૧૧,ભનુકીરણ કોમ્પલેક્ષ,<br>કેશરનગરની બાજુમાં,આદીપુર,<br>તા.ગાંધીધામ–કચ્છ. |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | **એસ.એમ.ખન્ના/કે.ડી.લોંચા** |

**<u>ફોર્મ–''બી''</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૧/૧૦/૨૦૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૯/૦૫/૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૧૦/૨૦૧૮ |
| ત્હોમતનામુ ઘડયાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | આખરી હુકમ મુજબ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | ––– |

## <u>આરોપીઓની વિગત</u>

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ –૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિપકભાઇ મેધજીભાઇ વાધમસી | 27–6–18 | 27–6–18 | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટની કલમ–૪(૧),૪(૧)(એ),૨૧ મુજબ તથા ગુજરાત મીનરલ્સ પ્રીવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ ૨૦૧૭ ના નિયમ ૩ ના ભંગ તથા રૂલ્સ ૨૨ માં જણાવ્યા મુજબ શીડયુઅલ ૩ (III) જોગવાઇ મુજબ. | નિર્દોષ | –– | – |
| ૨ | મોહનભાઇ ધુમસીંગ ડામોર | 27–6–18 | 27–6–18 | ઉપર મુજબ | નિર્દોષ | –– | – |

## <u>ફોર્મ–સી</u>

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદનાં નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૧ | રાજેન્દ્ર ઉર્ફે રાજુ હરીલાલ પરમાર | પંચ સાહેદ |
| ૨ | ૨૯ | જીતેન્દ્ર રામજી પટેલ | ફરીયાદી |
| ૩ | ૩૨ | નીલેશ રામુભાઇ પટેલ | સાહેદ |
| ૪ | ૩૭ | નીર્મળસિંહ ભરતસિંહ જાડેજા | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૪૦ | રણજીતસિંહ કનકસિંહ જાડેજા | પંચ સાહેદ |
| ૬ | ૪૪ | પથુભા બુધુભા સોઢા | પંચ સાહેદ |
| ૭ | ૪૯ | પ્રતિપાલસિંહ વિક્રમસિંહ જાડેજા | સાહેદ |
| ૮ | ૫૬ | નીલાભાઈ શંકરભાઈ ઠકકર | પોલીસ સાહેદ |
| ૯ | ૫૯ | હરેશકુમાર વિઠલદાસ સોમૈયા | પોલીસ સાહેદ |
| ૧૦ | ૬૦ | હિંમતસિંહ સબરસિંહ વાઘેલા | તપાસ કરનાર અમલદાર |

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | પંચનામું |
| ૨ | ૩૦ | ફરીયાદ |
| ૩ | ૩૧ | ફરીયાદ |
| ૪ | ૩૩ | રોજકામ |
| ૫ | ૩૪ | સીઝર મેમો |
| ૬ | ૩૮ | પંચનામું |

-// **ચુકાદો** //-

(૧) સદરહુ સેશન્સ કેસ મુંદરા મરીન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૬/૨૦૧૮ થી દાખલ થયેલ તેની તપાસ બાદ સબંધિત તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ ચાર્જશીટ રજુ થતા અત્રેની અદાલત સમક્ષ કમીટ થઈ આવતા ઉપસ્થિત થયેલો છે.

(૨) **ફરિયાદપક્ષનાં કેસની વિગત:**

(૨.૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તારીખ :

૧૧/૧૦/૨૦૧૭ ના રોજ કલાક : ૯–૫૦ વાગ્યાના અરસામાં આરોપીઓ ભદ્રેશ્વર ગામ મધ્યે ટ્રક નં.જી.જે.–૧૨–એ.યુ.–૫૭૬૪ વાળી કોઈ પણ જાતની રોયલ્ટી પાસ પરમીટ વગર ૧૭ મે.ટન સાદી રેતી ભરેલ ટ્રક ખાણ ખનીજનું ગેરકાયદેસર વહન કરતા હોઈ ખાણ ખનીજના ચેકીંગ દરમ્યાન પકડાયેલ હોઈ ખાણ ખનીજ ખાતા ધ્વારા તેમની જોગવાઇ મુજબ ટ્રક સીઝ કરેલ અને ખાણખનીજનું દંડ ભર્યા વગર ભદ્રેશ્વર ગ્રામપંચાયતમાં સીઝ કરેલ ટ્રક લઇ ગયા મતલબની ફરીયાદી ધ્વારા ફરીયાદ નોંધાવવામાં આવેલી છે.

**<u>ચાર્જશીટ તથા કમીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ઉપરોકત વિગતવારની ફરિયાદ/ચાર્જશીટ ફરિયાદીએ મુંદરાનાં અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી,મુંદરા–કચ્છની અદાલત સમક્ષ રજુ કરેલ.જે ભુજ કોર્ટનાં ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૧૬૦૨/૨૦૧૮ થી નોંધવામાં આવેલ.

(૩.૧) આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ.ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધનાં ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સ્પેશ્યલ અદાલતને હોવાથી સદર કેસ સેશન્સ્ અદાલતના હુકમથી ટ્રાન્સફર થઇને આવતા સદર કેસ સેશન્સ કેસ નં.૯૮/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**<u>ચાર્જફ્રેમ</u>**

(૪) ત્યારબાદ આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક:–૧૫ થી આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી. કોડની કલમ–૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) ૧૯૫૭ની કલમ–૪(૧),૪(૧)(એ),૨૧ તથા ગુજરાત મીનરલ્સ પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ

રૂલ્સ ૨૦૧૭ ના નિયમ–૩ નાં ભંગ બદલ રૂલ્સ ૨૨ માં જણાવ્યા મુજબ શીડયુઅલ ૩ (III) મુજબનાં ગુન્હાઓનું તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી અનુક્રમે આંક:–૧૬–૧૭ સુધી આરોપીઓનું નિવેદન લેવામાં આવેલ અને આરોપીઓ ધ્વારા ગુન્હાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી.

(૫) ત્યારબાદ આ કામે ઉપરોકત ફોર્મ–સી મુજબનાં સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક:–૬૨ થી ડ્રોપ પુરશીશ અને આંક:–૬૩ થી પુરાવો પુરો થયાની પુરશીશ રજુ કરેલ છે.

**<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનું વિશેષ નિવેદન</u>**

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ,જેમાં આરોપીઓ ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત સ્વીકારી બાકીનાં ફરિયાદપક્ષનાં તેઓ વિરૂઘ્ધનાં અન્ય પુરાવાની હકીકત અંગે ખોટી વાત હોવાનું,ખોટા ઉભા કરેલા હોવાનું,ખોટી ફરિયાદ હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે,કહેવાતા બનાવમાં તેઓએ કોઈ ભાગ ભજવેલ નથી.તેઓએ કોઈ ચોરી કરેલ નથી.તેઓ નિર્દોષ હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>ફરિયાદપક્ષની દલીલ:–</u>**

(૭) સદર કામમાં વિ.એ.પી.પી.શ્રી એ પોતાની દલીલમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષે તમામ સાહેદોના પુરાવાથી આરોપીઓ વિરુઘ્ધનું ગુનાહીત

કૃત્ય પુરવાર થતું હોય આરોપીઓને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલ:–</u>**

(૮) સદર કામમાં આરોપીઓનાં વિ.વકીલ શ્રીઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે ફરિયાદી માઈન્સ સુપરવાઈઝર છે અને તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો લેવામાં આવેલ નથી.અન્ય સાહેદોએ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી.પંચસાહેદોએ પંચનામાઓની હકીકતને સમર્થન આપેલ નથી. તપાસ કરનાર અમલદારને તેમની ફરજનાં ભાગરૂપે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે.ફરિયાદી રસ ધરાવતા સાહેદ છે,જેથી માત્ર તેઓનાં પુરાવાનાં આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપિસ્થત થાય છે.

**<u>મુદાઓ:–</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,તારીખ : ૧૧/૧૦/૨૦૧૭ ના રોજ કલાક : ૯–૫૦ વાગ્યાના અરસામાં આરોપીઓ ભદ્રેશ્વર ગામ મધ્યે ટ્રક નં.જી.જે.–૧૨–એ.યુ.–૫૭૬૪ વાળી કોઈ પણ જાતની રોયલ્ટી પાસ પરમીટ વગર ૧૭ મે.ટન સાદી રેતી ભરેલ ટ્રક ખાણ ખનીજનું ગેરકાયદેસર વહન કરતા હોઈ ખાણ ખનીજના ચેકીંગ દરમ્યાન પકડાયેલ હોઈ ખાણ ખનીજ ખાતા ધ્વારા તેમની જોગવાઈ મુજબ ટ્રક સીઝ કરેલ અને ખાણખનીજનું દંડ ભર્યા વગર ભદ્રેશ્વર ગ્રામપંચાયતમાં સીઝ કરેલ ટ્રક લઈ જઈ, ઈ.પી.

કોડની કલમ–૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) ૧૯૫૭ની કલમ–૪(૧),૪(૧)(એ),૨૧ તથા ગુજરાત મીનરલ્સ પ્રિવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ ૨૦૧૭ ના નિયમ–૩ નાં ભંગ બદલ રૂલ્સ ૨૨ માં જણાવ્યા મુજબ શીડયુઅલ ૩ (III) મુજબ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

**<u>નિર્ણયો:–</u>**

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

## ::– <u>કારણો</u> ::–

**<u>મુદા નંબર (૧) ની ચર્ચા</u>**

(૧૧) ફરિયાદપક્ષે આંક–૨૧ થી પંચ, રાજેન્દ્ર ઉર્ફે રાજુ હરીલાલ પરમાર તથા આંક–૪૪ થી પંચ,પથુભા બુધુભા સોઢાનાઓએ તેમના પુરાવામાં પંચનામા પરની સહી ઓળખી બતાવે છે તે સિવાયની કોઇ હકીકતો જણાવતા નથી અને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે અને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયા બાદ વિ.એપીપીશ્રીએ તેમની ઉલટતપાસ કરતાં પણ કોઇ ફળદાયી હકીકતો જણાવેલી નથી.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૨૯ થી ફરીયાદી જીતેન્દ્ર રામજીભાઇ પટેલને તપાસવામાં આવેલા છે.તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓ સને

૨૦૧૭ થી ૨૦૨૧ દરમ્યાન ભુસ્તરશાસ્ત્રીની કચેરી ભુજ ખાતે રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે કચેરીના માઈન્સ સુપરવાઈઝર પટેલ તથા તપાસ ટીમ ધ્વારા મુંદરા ખાતે આકસ્મીક ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ ત્યારે શ્રી એમ.એમ.સોરઠીયા કેર ઓફ દિપક મેઘજી વાધમશીની માલીકીની ટ્રક નં.જી.જે. ૧૨.એ.યુ.૫૭૬૪ આવતા તેને અટકાવી તેના ડ્રાઈવર મોહન ડામોરને તપાસ ટીમ ધ્વારા પુછતા તેઓએ જણાવેલ કે કોઈ પણ જાતની રોયલ્ટી પાસ લીધેલ નથી અને ટ્રકમાં આશરે ૧૭ મે.ટન સાદી રેતીનું ખનનનું ગેરકાયદેસર વહન કરાવતા ટ્રકને માઈન્સના સુપરવાઈઝર પટેલ ધ્વારા સીઝ કરી ગ્રામ પંચાયત ભદ્રેશ્વર ખાતે રાખવામાં આવેલ અને ટ્રકના માલીકને દંડની રકમ ભરપાઈ કરવા નોટીસ આપેલ અને નોટીસ અન્વયે ટ્રકના માલીક ધ્વારા તા.૩/૧૧/૧૭ ના રોજ દંડકીય રકમ ભરપાઈ કરવા સોગંદનામું રજુ રાખેલ અને તા.૧/૧૧/૧૭ ના નવા નિયમ મુજબ ટ્રકના માલીકને દંડકીય રકમ ભરપાઈ કરવા હુકમ કરવામાં આવેલ જે હુકમ અન્વયે તા.૯/૧૧/૧૭ ના રોજ ટ્રક માલીક ધ્વારા દંડની રકમની ગણતરી બાબતે જે નીતી નીયમો અન્વયે ગણતરી કરવામાં આવેલ તેની નકલ પુરી પાડવા જણાવેલ અને તા.૧/૧૧/૧૭ ના ઉધોગ અને ખાણ વિભાગ સચિવાલય ગાંધીનગરના સુધારેલા નવા નિયમો મુજબ સેડયુઅલ ૨૨માં જણાવેલ III (અ) મુજબ પ્રતિ મે.ટન રૂ.૫૦૦૦/– વતા દસ ટકા વહીવટી ચાર્જ (બ) મુજબ પ્રતિ મે.ટન રૂપીયા ૪૦ બિન અધિકૃત વહન રોયલ્ટીના તેમજ (ડ) મુજબ સદર ટ્રક સીઝ મુકત કરવાની કમ્પાઉન્ડીંગ ફી ની રકમ રૂ.એક લાખ પ્રમાણે ૧,૯૪,૧૮૦/–ની તા.૨૦/૧૧/૧૭ ના રોજ ટ્રકના માલીકને નોટીસ આપવામાં આવેલ અને અગાઉની તા.૧૬/૧૦/૧૭ ની નોટીસ તેમજ તા.૩/૧૧/૧૭ નો હુકમ રદ કરેલ હોવાનું જણાવેલ તેમજ તેઓશ્રી ધ્વારા માંગવામાં આવેલ કાગળો પુરા પાડવામાં આવેલ અને માલીક ધ્વારા આજદીન સુધી રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી અને તા.૮/૫/૧૮ ના રોજ અત્રેની કચેરીની ટીમ ધ્વારા મુંદરા ભદ્રેશ્વર ગ્રામ

પંચાયત કચેરી ખાતે સ્થળ તપાસ કરતા સ્થળે હાજર શ્રી પ્રતિપાલસિંહ જાડેજા ધ્વારા તપાસટીમને જણાવેલ કે માઈન્સ સુપરવાઈઝર પટેલ ધ્વારા સદર ટ્રક સીઝ કરી તેનો કબ્જો તેઓને સોંપવામાં આવેલ અને તપાસ ટીમને જણાવેલ કે સદર ટ્રકના માલીક અને ડ્રાઈવર ધ્વારા સદર ટ્રક ડાયરેકટ ચાલુ કરી તેઓને જાણ કર્યા વિના લઈ ગયેલ છે અને સદર ટ્રકની ચાવી હાલમાં ગ્રામ પંચાયત કચેરીમાં સીલબંધ હાલતમાં મોજુદ છે અને બાદમાં તા.૮/૫/૧૮ ના રોજ પ્રતિપાલસિંહ જાડેજાનું નિવેદન લીધેલ અને બાદમાં ફરીયાદ આપેલી તેમ જણાવી આંક–૩૦,૩૧ થી ફરીયાદ રજુ રાખે છે.

(૧૨.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ થતાં તેઓ સ્વીકારે છે કે, આ કામે કહેવાતી રેડમાં તેઓ હાજર ન હતા જેથી આ બાબતે તેઓને કોઈ અંગત જાતમાહિતી નથી, ફરીયાદમાં જણાવેલ વાહનમાં રેતી ભરતા કે ભરેલ રેતી તેઓએ જોયેલ નથી તેમજ ખનીજના ગુના માંડવાડ થઈ શકે તે સંબંધેના છે તેમજ તેઓના અધિકાર સાહેબ તા.૧૬/૧૦/૧૭ વાળી ગુનો માંડવાડ માટે રૂા.૪૨૫૦૦/– ભરવા સંબંધે નોટીસ આપેલી હતી તેમજ તે સંબંધે આરોપીનું માંડવાડ અંગેનું સોગંદનામું પણ થયેલું તેમજ તેઓના અધિકારીએ તા.૧/૧૧/૧૭ ના રોજ રૂા.૮૫૦૦૦/– ભરવા નોટીસ આપેલી તેમજ તે સંબંધે આરોપીએ વાંધો લીધેલો અને ત્યારબાદ તેઓના ખાતા તરફથી રૂા.૧,૯૪,૧૮૦/– ભરવા નોટીસ આપેલી તેમજ ખનીજના કોઈ પણ ગુનામાં માંડવાડ થયેથી આરોપીનું સોગંદનામું લેવામાં આવે છે અને રકમ ભરવા માટે સમય આપવામાં આવે છે તેમજ સીઝ કર્યા બાદ તેઓના ખાતા તરફથી ફોર્મ કે સ્વરૂપમાં ગુનો માંડવાડ સંબંધે નોટીસ આપવામાં આવેલી તેમજ રાબેતા મુજબ કબ્જે કરેલ વાહન મુકત કરવા માટે કબ્જે થયેલ વાહન રોજીરોટીનો સાધન છે ઓછો દંડ કરવા વિનંતી કરતા હોય છે તેમજ આ કિસ્સામાં આરોપી રૂા.૪૨૫૦૦ ભરવા માટે સહમત થયેલ અને તે સંબંધેનો સોગંદનામું પણ રજુ કરેલું, હાલની ફરીયાદ આશરે સાતેક મહીના મોડી આપેલ છે.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ નં.૩, નીલેશ રામુભાઇ પટેલને તપાસવામાં આવેલા છે.તેઓની જુબાની ધ્યાને લેતાં સને ૨૦૧૦ થી ૨૦૧૭ ના સમય દરમ્યાન ભુસ્તરશાસ્ત્રીની કચેરી ભુજ ખાતે માઇન્સ્ સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા હતા અને તા.૧૧/૧૦/૧૭ ના રોજ તેઓ તથા તપાસ ટીમ મુંદરા ખાતે આકસ્મીક ચેકીંગમાં હતા ત્યારે શ્રી એમ.એમ.સોરઠીયા કેર ઓફ દિપક મેઘજી વાઘમશીની માલીકીની ટ્રક નં.જી.જે.–૧૨–એ.યુ.–૫૭૬૪ આવતા તેને અટકાવી તેના ડ્રાઇવર મોહન ડામોરને તપાસટીમે પુછતા જણાવેલ કે તેઓએ કોઇપણ જાતની રોયલ્ટી પાસ લીધેલ નથી અને ટ્રકમાં આશરે ૧૭ મે.ટન સાદી રેતીનું ખનનનું ગેરકાયદેસર વહન કરતા ટ્રકને સીઝ કરી ગ્રામ પંચાયત ભદ્રેશ્વર ખાતે રાખવામાં આવેલ અને ટ્રકના માલીકને દંડની રકમ ભરપાઇ કરવા તા.૧૬/૧૦/૧૭ ના નોટીસ આપવામાં આવેલ એ તા.૩/૧૧/૧૭ ના રોજ ટ્રકના માલીકે દંડની રકમ ભરપાઇ કરવા સોગંદનામું રજુ કરેલ અને બાદમાં તેઓની બદલી થયેલી તેમ જણાવી આંક–૩૩ થી રોજકામ અને આંક–૩૪ થી સીઝર મેમો રજુ રાખે છે.

(૧૩.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ થતાં તેઓ સ્વીકારે છે કે, પોલીસ નિવેદનમાં બનાવનો ચોકકસ સ્થળ કે કઇ જગ્યાએ કહેવાતી ટ્રક અટક કરવામાં આવેલ તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમજ પોલીસ નિવેદનમાં કહેવાતા બનાવના સ્થળ સંબંધે ભદ્રેશ્વર થી અંજારનો ઉલ્લેખ કરેલ છે તેમજ ભદ્રેશ્વર થી અંજાર હાઇવે રોડ આવેલ છે તેમજ આંક–૩૩ વાળા રોજકામમાં પણ બનાવનું ચોકકસ સ્થળનો ઉલ્લેખ કરેલ નથી તેઓ કહે છે કે ભદ્રેશ્વરનો ઉલ્લેખ કરેલ છે તેમજ ભદ્રેશ્વર અને ભદ્રેશ્વર થી અંજાર બંને અલગ અલગ સ્થળ છે તેમજ આંક–૩૩ વાળા રોજકામમાં રેતીના વજન સંબંધે ઓવર લેપીંગ કરવામાં આવેલ છે તેમજ તેઓએ જે રેતીનું વજન લખેલ છે તે કાંટા ઉપર વજન કર્યા વગર આશરે લખેલ છે તેમજ આંક–૩૪ વાળા સીઝર મેમોમાં પણ ટ્રક કબ્જે કરવાનો કોઇ ચોકકસ સ્થળનો ઉલ્લેખ નથી તેમજ

સીઝર મેમોમાં જે જગ્યાએ વાહન સીઝ કરેલો હોય તે સ્થળનો ચોકકસ ઉલ્લેખ હોવું જોઇએ તેઓ કહે છે કે જપ્તીનો સ્થળ લખેલ છે તેમજ કોઇ પણ વાહન સીઝ કરવામાં આવે ત્યારબાદ તેને કસ્ટડીના સ્થળે રાખવામાં આવતું હોય છે તેમજ કસ્ટડીનો સ્થળ તેઓની કચેરી પણ હોઇ શકે અને અન્ય્ સ્થળ પણ હોઇ શકે તેમજ તેઓએ કોઇ વ્યકિતને ખનીજ ચોરી કરતા નજરે જોયેલ નથી તેમજ તેઓએ ડ્રાઇવરને માલીકી બાબતે કોઇ પુછપરછ કરેલ નહી તેમજ કહેવાતું રેતીની ચોરી કઇ જગ્યાએથી થયેલી તેની તેઓને ખબર નથી તેમજ કહેવાતી રેતીની ચોરી કયાંથી થયેલી તે બાબતે તેઓએ કોઇ તપાસ કરેલી નહી તેમજ રોયલ્ટી ચોરીની ફરીયાદ કોર્ટમાં આપવી પડે તે તેઓ જાણે છે તેમજ આ ફરીયાદ કોર્ટમાં આપવામાં આવેલ નથી તેઓ કહે છે કે પોલીસમાં આપવામાં આવેલ છે તેમજ કહેવાતી રેડમાં તેઓની સાથે કોણ હાજર હતું તેનું નામ હાલ યાદ નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૭ થી પંચ, નિર્મળસિંહ ભરતસિંહ જાડેજા તથા આંક–૪૦ થી પંચ, રણજીતસિંહ કનકસિંહ જાડેજાનાઓએ તેમના પુરાવામાં પંચનામા પરની સહી ઓળખી બતાવે છે તે સિવાયની કોઇ હકીકતો જણાવતા નથી અને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે અને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયા બાદ વિ.એપીપીશ્રીએ તેમની ઉલટતપાસ કરતાં પણ કોઇ ફળદાયી હકીકતો જણાવેલી નથી.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૪૯ થી સાહેદ પ્રતિપાલસિંહ વિક્રમસિંહ જાડેજાને તપાસવામાં આવેલા છે.તેઓની જુબાની જોતાં તેઓની હાજરીમાં ખાણખનીજના અધિકારીઓએ રેતી ભરેલી રોયલ્ટી વગરની કોઇ ગાડી પકડેલ હોય કે કોઇ ડ્રાઇવરની અટક કરેલ હોય તેવું બનેલ નથી તેમજ પોલીસે પુછપરછ કરેલ હોય તે તેઓને યાદ નથી એમ જણાવે છે.સદર સાહેદે

ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને બાદમાં વિ.એપીપીશ્રીએ તેઓની ઉલટતપાસ કરતાં પણ કોઇ ફળદાયી હકીકતો જણાવેલી નથી.

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૫૬ થી સાહેદ નીલાભાઇ શંકરભાઈ ઠકકરને તપાસવામાં આવેલા છે.તેઓની જુબાની ધ્યાને લેતાં સને ૨૦૧૮ માં તેઓ પોલીસ હે.કો. તરીકે મુંદરા મરીન ખાતે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીની ફરીયાદ લઇ ગુનો દાખલ કરી આગળની તપાસ હરીશભાઇ સોમૈયાને કરેલી તેમ જણાવી આંક–૩૧ વાળી ફરીયાદ ઓળખી બતાવે છે.

(૧૬.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ થતાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ ફરીયાદ દાખલ કર્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૫૯ થી તપાસ કરનાર અમલદાર હરેશકુમાર વિઠલદાસ સોમૈયાને તપાસવામાં આવેલા છે.તેઓની જુબાની ધ્યાને લેતાં સદરહુ ગુનાની તપાસ સંભાળી, પંચનામું કરેલ અને બાદમાં બદલી થતાં આગળની તપાસ હે.કો.હિંમતસિંહ વાઘેલાએ સંભાળેલી તેમ જણાવે છે.

(૧૭.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ થતાં તેઓ સ્વીકારે છે કે, આંકઅ૩૮ વાળા પંચનામામાં સદર ટ્રક પ્રતિપાલસિંહ જાડેજાએ કયારે કબ્જે કરી તે બાબતની તારીખની કોઇ માહિતી આપેલ ન હોવાથી સદર પંચનામામાં ટ્રક કબ્જે કર્યાની તારીખનો ઉલ્લેખ નથી.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૬૦ થી તપાસ કરનાર અમલદાર હિંમતસિંહ સબરસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે.તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ સદરહુ ગુનાની તપાસ સંભાળેલી અને ટ્રક બાબતનું પંચનામું કરેલ અને બાદમાં સાહેદોના નિવેદન લીધેલ અને બાદમાં ચાર્જશીટ કરેલ તેમ જણાવે છે.

(૧૮.૧) સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ થતાં તેઓ સ્વીકારે છે કે, આ તપાસ માટે નામદાર કોર્ટ તરફથી કોઇ હુકમ થયેલ ન હતો.

(૧૯) ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા ઉપરોકત સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આરોપીઓ વિરુઘ્ધ આંક–૧૫ થી તા.૧૧/૧૦/૧૭ ના કલાક : ૯–૫૦ વાગ્યે ભદ્રેશ્વર ગામ મઘ્યે ટ્રક નં.જી.જે.૧૨–એ.યુ.–૫૭૬૪ માં કોઇ જાતની રોયલ્ટી પાસ પરમીટ વગર ૧૭ મે.ટન સાદી રીતે ગેરકાયદેસર રીતે વહન કરતાં ચેકીંગ દરમ્યાન પકડાઇ જવા અંગેનો આક્ષેપ છે.

(૨૦) આ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા તમામ પંચ સાહેદો ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે તેમજ આંક–૨૯ થી સાહેદ જીતેન્દ્ર આર.પટેલ તથા આંક–૩૨ થી સાહેદ નીલેશ રામુભાઇ પટેલને તપાસવામાં આવેલા છે.આ બંને સાહેદો પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે તેમજ આરોપીની ટ્રક નં.જી.જે.–૧૨–એ.યુ.–૫૭૬૪ માંથી આકસ્મીક ચેકીંગ દરમ્યાન કોઇપણ જાતની રોયલ્ટી કે પાસ પરમીટ વગર ૧૭ મે.ટન રેતી મળી આવેલાનું જણાવે છે પરંતુ બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન તેઓએ પોતાના પોલીસ નિવેદન કે રોજકામમાં બનાવ સ્થળનો ચોકકસ ઉલ્લેખ કરેલ નહી કરેલાનું તેમજ રેતીનું વજન આશરે લખેલ હોવાનું તેમજ તેઓએ કોઇ વ્યકિતને ખનીજ ચોરી કરતા નજરે જોયેલ ન હોવાનું તેમજ રેતી ચોરી કઇ જગ્યાએથી થયેલ તેની ખબર નહી હોવાનું તેમજ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલી હોવાનું તેમજ ફરીયાદ કોર્ટમાં આપવી પડે તે અંગે જાણતા હોવાનું તેમજ રેડમાં કોણ હતું તેના નામ હાલ યાદ નહી હોવાનું વિગેરે કબુલ રાખેલ છે.

આમ, ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા ઉપરોકત બંને સાહેદો રોયલ્ટી ઇન્સ્પેકટર તથા માઇન્સ સુપરવાઇઝર એટલે કે ફરીયાદીના

ડીપાર્ટમેન્ટના અધિકારીઓ હોય, રસ ધરાવતા સાહેદ હોય તેઓએ કોઇને ખનીજ ચોરી કરતા જોયેલ ન હોય કે ખનીજ ચોરી કયાંથી થયેલ તે પણ જાણતા ન હોય, રેતીનું વજન પણ આશરે લખેલ હોય, કોઇ સ્વતંત્ર પંચોની હાજરીમાં કામગીરી કરેલ ન હોય કે કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસેલ ન હોય, આ કામે સાહેદોએ કબુલ રાખ્યા મુજબ રોયલ્ટી ચોરીની ફરીયાદ કોર્ટમાં આપવી પડે તે અંગે તેઓને જાણકારી હોય તેમ છતાં કોર્ટમાં કોઇ લેખિત ફરીયાદ આપેલ ન હોય પરંતુ પોલીસમાં ફરીયાદ આપેલ હોય જે આ કાયદાની કલમ ૨૨ મુજબ ગેરકાયદેસર હોય કારણે કે માઇન્સ એન્ડ મીનરલ્સ એકટની કલમ : ૨૨ વંચાણે લેતાં નીચે મુજબ વંચાણે લઇ શકાય છે.

22. Cognizance of offences.—No court shall take cognizance of any offence punishable under this Act or any rules made thereunder except upon complaint in writing made by a person authorised in this behalf by the Central Government or the State Government.

ઉપરોકત જોગવાઇ મુજબ આ ગુના સંબંધેની ફરીયાદ માત્ર અને માત્ર લેખિત સ્વરૂપે કોર્ટમાં દાખલ કરવી મેન્ડેટરી હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસને માઇન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૫૭ ની કલમ : ૨૨ નો બાધ નડતો હોય અને તે રીતે આરોપીઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૧ પરત્વે મારો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**::– <u>હુકમ</u> ::–**

(૧) સદરહુ કામનાં આરોપીઓ **(૧) દિપકભાઇ મેધજીભાઇ વાધમસી,**ઉ.વ.૪૧,રહે.પ્લોટ નં.૩૯૩,વોર્ડ નં.૩/બી,આદીપુર, તા. ગાંધીધામ–કચ્છ.**(૨) મોહનભાઇ ધુમસીંગ ડામોર,**ઉ.વ.૨૬,રહે.મુળ ગામ : અમરાપુરા,તા.જાંબુઆ, જી.જાંબુઆ(મધ્યપ્રદેશ)હાલે રહે.અંકિતા કન્ટ્રકશન

ની ઓફીસ નં.૧૧૧,ભનુકીરણ કોમ્પલેક્ષ,કેશરનગરની બાજુમાં,આદીપુર, તા.ગાંધીધામ–કચ્છ.નાંઓને ભારતીય ફોજદારી કાર્ય સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ તથા માઇન્સ એન્ડ મીનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટની કલમ–૪(૧),૪(૧)(એ),૨૧ મુજબ તથા ગુજરાત મીનરલ્સ પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ ૨૦૧૭ ના નિયમ ૩ ના ભંગ તથા રૂલ્સ ૨૨ માં જણાવ્યા મુજબ શીડયુઅલ ૩ (III) જોગવાઇ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક) ની જોગવાઈ અન્વયે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નાં સધ્ધર જામીન અપીલ પિરીયડ ૬ (છ) માસનાં સમયગાળા માટેનાં આપવા.

(૩) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ વાહન અંગે અગાઉ કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો અપીલ સમય વિત્યે બિનશરતી કાયમ રાખવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય વિત્યે માલીકીની ખરાઈ કરી વાહન પરત સોંપવું તેમજ મુદામાલ વાહન સાથે રેતી અન્વયે અગાઉ હુકમ થયેલ હોય તો અપીલ સમય વિત્યે કાયમ રાખવામાં આવે છે અને જો રેતી અન્વયે કોઇ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય વિત્યે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ૦૩ માહે જુન સને ૨૦૨૬ નાં રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા:–૦૩/૦૬/૨૦૨૬
ભુજ–કચ્છ.

**(એન.પી.રાડીઆ)**
ચોથા અધિક સેશન્સ જજ
ભુજ–કચ્છ.
GJ00621

NANDISH

( N. P. Radia)
7th Addl. Sessions Judge, Bhuj